બીનસરકારી માધ્યમિક શાળાના શિક્ષકોની
હડતાલ દરમ્યાનની ગેરહાજરીને ખાસ રજાઓ
તરીકે મંજુર કરવા બાબત...

ગુજરાત સરકાર.
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક/બમશ/૧૩૯૭-સીએમ-૬૩૦-ગ
સરદાર ભવન, સચિવાલય,
ગાંધીનગર તા.૧૦-જુલાઈ.૧૯૯૭

વંચાણમાં લીધા:-

૧: શિક્ષણ વિભાગનો તા.૩૦-૭-૯૬નો પત્ર ક્રમાંક/બમશ/૧૩૯૬-૩૬૩૮-ગ

૨: ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળનો તા.૧૫-૫-૯૭નો પત્ર.

'' ઠરાવ ''

આમુખમાં ક્રમાંક: (૧) આગળ દર્શાવેલ શિક્ષણ વિભાગના તા.૩૦-૭-૯૬ ના પત્રથી રાજ્યના બીન સરકારી માધ્યમિક શાળાના શિક્ષકોની તારીખ. ૨૦-૧૧-૯૫ થી તા.૪-૧૨-૯૫ સુધીની ૧૫ દિવસની હડતાલના સમયની ગેરહાજરીને તેમના ખાતે જમા રજાઓના સામે નિયમિત કરી આપવાના હુકમો કરવામાં આવેલ હતા. પરંતુ આ બાબતમાં ગુજરાત રાજ્ય શિક્ષક સંઘ મહામંડળ તરફથી હડતાલના સમયગાળાને ખાસ રજાઓ તરીકે મંજુર કરવા સરકારશ્રીમાં પુન: રજુઆત કરવામાં આવેલ હતી. પ્રસ્તુત બાબત કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે સરકારે બીન સરકારી માધ્યમિક શાળાઓના શિક્ષકોની તા.૨૦-૧૧-૯૫ થી તા.૪-૧૨-૯૫ દરમ્યાનની કુલ-૧૫ દિવસો સુધી ચાલેલી હડતાલના સમય ગાળાની ગેરહાજરીને ખાસ કિસ્સા તરીકે ખાસ રજાઓ ( ) તરીકે મંજુર કરવાનું આથી ઠરાવેલ છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૭-૭-૯૭ ની નોંધથી મળેલ મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બી.ડી.નાયક
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ,